**B.U.T. Minutes**
**Dt.01-09-2022**

Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# : કાર્યવાહી :

અનુસ્નાતક શિક્ષણ મંડળ (Board of University Teaching) ની સભા ગુરૂવાર, તા.૦૧–૦૯–૨૦૨૨ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે Social Distancing નું પાલન થાય તે રીતે ઓફલાઈન/ઓનલાઈન યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડ રૂમ નં.૧૪૯માં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હાજરી |
|---|---|---|
| (૧) | ડો. કિશોરસિંહ એન. ચાવડા (માનનીય કુલપતિશ્રી) | હાજર |
| (૨) | ડો. ઈશ્વરભાઈ એમ. પટેલ | ઓનલાઈન હાજર |
| (૩) | આ. ડો. પત્રલેખાબેન એ. બારડ | હાજર |
| (૪) | ડો. કપિલાબેન મનોજ | ઓનલાઈન હાજર |
| (૫) | ડો. ચિન્ટુભાઈ ચૌધરી | ગેરહાજર |
| (૬) | ડો. અશોકભાઈ દેસાઈ | ઓનલાઈન હાજર |
| (૭) | ડો. દિનેશકુમાર પ્રતાપભાઈ ચૌધરી | ગેરહાજર |
| (૮) | ડો. સ્નેહલભાઈ મિસ્ત્રી | હાજર |
| (૯) | ડો. સ્નેહલભાઈ કે. જોશી | ઓનલાઈન હાજર |
| (૧૦) | ડો. વિપુલ આર. શાસ્ત્રી | ગેરહાજર |
| (૧૧) | આર્ક. રાજેશભાઈ મહેતા | હાજર |
| (૧૨) | ડો. રાકેશભાઈ એન. દેસાઈ | ગેરહાજર |
| (૧૩) | ડો. કે. સી. પોરીયા | હાજર |
| (૧૪) | ડો. સૌરભબેન પટેલ | ઓનલાઈન હાજર |
| (૧૫) | ડો. મધુભાઈ એન. ગાયકવાડ | ઓનલાઈન હાજર |
| (૧૬) | ડો. રાજેન્દ્રભાઈ બી. પટેલ | હાજર |
| (૧૭) | ડો. અપૂર્વભાઈ એ. દેસાઈ | ગેરહાજર |

**B.U.T. Minutes**
**Dt.01-09-2022**

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હાજરી |
|---|---|---|
| (૧૮) | ડો. આરતીબેન રાજયગુરૂ | ઓનલાઈન હાજર |
| (૧૯) | ડો. વિપુલભાઈ જે. સોમાણી | ગેરહાજર |
| (૨૦) | ડો. ડી. જી. ઠાકોર | ગેરહાજર |
| (૨૧) | ડો. શરીફાબેન વીજળીવાળા | ઓનલાઈન હાજર |
| (૨૨) | ડો. કલ્પનાબેન ટી. રાવ | ગેરહાજર |
| (૨૩) | ડો. ડી. સી. જોશી | ઓનલાઈન હાજર |
| (૨૪) | ડો. ત્વીશા જશવંતભાઈ પરમાર | ઓનલાઈન હાજર |
| (૨૫) | ડો. ભદ્રેશભાઈ હરિશભાઈ પરમાર | ઓનલાઈન હાજર |
| (૨૬) | ડો. શેહનાઝ એમ. બીલીમોરીયા | ઓનલાઈન હાજર |
| (૨૭) | ડો. કે. એન. ભટ્ટ | ગેરહાજર |
| (૨૮) | ડો. ચેતનકુમાર છોટુભાઈ પટેલ | ઓનલાઈન હાજર |
| (૨૯) | ડો. અજયકુમાર નટવરલાલ પટેલ | ગેરહાજર |
| (૩૦) | ડો. મનિષાબેન પાનવાલા | ઓનલાઈન હાજર |
| (૩૧) | ડો. પ્રિતિબેન મહેશભાઈ ટેલર | ગેરહાજર |
| (૩૨) | ડો. ધર્મેશભાઈ આર. જુરેમલાની | હાજર |
| (૩૩) | ડો. પારૂલબેન વડગામા | ગેરહાજર |
| (૩૪) | પ્રો. વસંતભાઈ ગામીત | ગેરહાજર |
| (૩૫) | પ્રો. ડો. પ્રજ્ઞેશભાઈ શાહ | ઓનલાઈન હાજર |
| (૩૬) | ડૉ. રજનીકાંત પટેલ | ઓનલાઈન હાજર |
| (૩૭) | ડો. જયેન્દ્રસિંહ પી. ગોહિલ | હાજર |

૧. અનુસ્નાતક શિક્ષણ મંડળ ( Board of University Teaching ) ની તા.૨૦–૦૮–૨૦૨૨ની કાર્યવાહીને બહાલી આપવા અંગે.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક શિક્ષણ મંડળ (Board of University Teaching )ની તા.૨૦–૦૮–૨૦૨૨ની કાર્યવાહીને બહાલી આપવામાં આવે છે.**

૨. ડીપાર્ટમેન્ટ ઓફ બિઝનેશ એન્ડ ઈન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પત્રક્રમાંક: MBA/Scholarship-54/606/શિષ્યવૃતિ, તા.૦૮–૦૮–૨૦૨૨ થી એમ.બી.એ. (ફુલટાઈમ) (સ્વનિર્ભર) અને એમ.બી.એ.(ઈવનીગ) પ્રોગ્રામની એકિઝકયુટીવ કમિટીની તા.૨૭–૦૭–૨૦૨૨ની મિટીગની બાબત ક્રમાંક ૧૩ અન્વયે જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને આંશિક/પૂર્ણ નાણાંકીય સહાય આપી શકાય એ માટે રૂા. ૧૦.૦૦ લાખની મંજુરી વિભાગ દ્વારા નિયત કરેલ ધારાધોરણો મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩થી એનાયત કરવા ઠરાવેલ હોય જે પર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ડીપાર્ટમેન્ટ ઓફ બિઝનેશ એન્ડ ઈન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પત્રક્રમાંક: MBA/ Scholarship-54/606/શિષ્યવૃતિ, તા.૦૮–૦૮–૨૦૨૨થી એમ.બી.એ.(ફુલટાઈમ) (સ્વનિર્ભર) અને એમ.બી.એ.(ઈવનીંગ) પ્રોગ્રામની એકિઝકયુટીવ કમિટીની તા.૨૭–૦૭–૨૦૨૨ની મિટીંગની બાબત ક્રમાંક ૧૩ અન્વયે જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને આંશિક/પૂર્ણ નાણાંકીય સહાય આપી શકાય એ માટે રૂા. ૧૦.૦૦ લાખની મંજુરી વિભાગ દ્વારા નિયત કરેલ ધારાધોરણો મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩થી એનાયત કરવા ઠરાવેલ છે, જે ભલામણ સ્વીકારી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.**

૩. એજયુકેશન વિષયમાં તા.૨૭–૦૮–૨૦૨૧ ના રોજના પત્રથી ગુજરાત રાજય સરકારશ્રીના આદેશાનુસાર ગુજરાત રાજયની તમામ ગ્રાન્ટેડ અને સરકારી બી. એડ્ કોલેજ મે: ૨૦૨૦ ના વર્ષેથી ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટીચર એજયુકેશન (IITE) ગાંધીનગર સાથે જોડવામાં આવી હોવાથી ડાં.જયેન્દ્રસિંહ પી. ગોહિલ, ડાં. પ્રવિણચંદ્ર આર. માસ્ટર, ડાં. ઈન્તેખાબ અન્સારી અને ડાં. ગીતા પટેલના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. સંશોધન અભ્યાસ કરતા સંશોધનાર્થી અભ્યાસ ચાલુ રાખવા કે નહી તે બાબત રીસર્ચ એડવાઈઝરી સમિતિ સમક્ષ રજૂ કરવા જણાવતા એજયુકેશન વિષયની તા.૨૦/૨૧–૦૭–૨૦૨૨ ના રોજ મળેલ રીસર્ચ એડવાઈઝરી સમિતિની સભાએ તેના ઠરાવ ક્રમાંક નં–૩ થી નીચે મુજબ ઠરાવેલ છે. જે પર વિચારણા કરવા બાબત.

: : ડાં. જયેન્દ્રસિંહ પી. ગોહિલ, ડાં. પ્રવિણચંદ્ર આર. માસ્ટર, ડાં. ઈન્તેખાબ અન્સારી અને ડાં.ગીતા પટેલ હાલમાં ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચર એજયુકેશન (IITE) ગાંધીનગરના માન્ય શિક્ષકો છે. તેમના માર્ગદર્શન હેઠળના વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના પીએચ.ડી. (શિક્ષણશાસ્ત્ર વિષય)નાં વિદ્યાર્થીઓને રજીસ્ટ્રેશન થયેલ યુનિવર્સિટી એટલે કે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટ, સુરતના શિક્ષણશાસ્ત્ર વિષયના માન્ય પીએચડી. માર્ગદર્શક અધ્યાપકોનો ૫ જુલાઈ ગેઝેટ ૬–૨૮ અનુસાર સર્વાનુમતે ફાળવણી માટે ભલામણ કરવામાં આવે છે.

ઉપરોક ઠરાવ અવલોકને લેતા ૨૦૧૬, યુજીસી ૬.૨ ની જોગવાઈ

6.2 Only a full time regular teacher of the concerned University/Institution Deemed to be a University/College can act as a supervisor. The external supervisors are not allowed. However, Co-Supervison can be allowed in inter-disciplinary areas from other departments of the same institute of from other related institutions with the approval of the Research Advisory Committee.

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, એજયુકેશન વિષયમાં તા.૨૭–૦૮–૨૦૨૧ના રોજના પત્રથી ગુજરાત રાજય સરકારશ્રીના આદેશાનુસાર ગુજરાત રાજયની તમામ ગ્રાન્ટેડ અને સરકારી બી. એડ્ કોલેજ મેઃ ૨૦૨૦ના વર્ષેથી ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટીચર એજયુકેશન (IITE) ગાંધીનગર સાથે જોડવામાં આવી હોવાથી ર્ડા. જયેન્દ્રસિંહ પી. ગોહિલ, ર્ડા. પ્રવિણચંદ્ર આર. માસ્ટર, ર્ડા.ઈન્તેખાબ અન્સારી અને ર્ડા. ગીતા પટેલના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. સંશોધન અભ્યાસ કરતા સંશોધનાર્થી અભ્યાસ ચાલુ રાખવા કે નહી તે બાબત રીસર્ચ એડવાઈઝરી સમિતિ સમક્ષ રજૂ કરવા જણાવતા એજયુકેશન વિષયની તા.૨૦/૨૧–૦૭–૨૦૨૨ના રોજ મળેલ રીસર્ચ એડવાઈઝરી સમિતિની સભાએ તેના ઠરાવ ક્રમાંક નં–૩ અંતર્ગત શિક્ષણશાસ્ત્ર વિષયના માન્ય પીએચડી. માર્ગદર્શક શિક્ષકોને ૫ જુલાઈ ગેઝેટ ૬–૨૮ અનુસાર સર્વાનુમતે ફાળવણી કરવા કરેલ ભલામણનો સ્વીકાર કરવો.**

૪. પીએચ.ડી. સંશોધન અભ્યાસની ગુજરાતી વિષયની રીસર્ચ એડવાઈઝરી સમિતિની તા.૨૦–૦૭–૨૦૨૨ ના રોજની સભાએ ર્ડા. રેખાબેન ભટ્ટ વયનિવૃત થયા બાદ ૬૫ વર્ષની વય મર્યાદા પૂર્ણ કરેલ હોય તેમના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. સંશોધન અભ્યાસ કરતા સંશોધનાર્થી પટેલ કવિષા હરશનભાઈને ર્ડા. રેખાબેન ભટ્ટના સ્થાને ઋજુતાબેન ગાંધીની માર્ગદર્શક શિક્ષક તરીકે ફાળવણી કરેલ છે. જેની જાણ સંશોધનાર્થી અને માર્ગદર્શક શિક્ષકને કરેલ છે. પરંતુ સંશોધનાર્થીની તા.૬–૦૮–૨૦૨૨ના રોજની અરજીથી તેમના જૂના માર્ગદર્શક શિક્ષકના જ માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. અભ્યાસ પૂર્ણ કરવા જણાવેલ છે. એટલે કે તેમને ર્ડા. રેખાબેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ જ પીએચ.ડી. સંશોધન અભ્યાસ પૂર્ણ કરવાની પરવાનગી આપવા વિનંતી પર વિચારણા કરવા બાબત.

<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦–૯–૨૦૧૩ની સભાના ઠરાવ ક્રમાંક (૧૧)</u>

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પીએચ.ડી. અને એમ.ફિલ.નાં સંશોધન અભ્યાસમાં માર્ગદર્શક શિક્ષકની વય ૬૨ વર્ષ પહેલા માર્ગદર્શક શિક્ષક તરીકે નિમણૂંક થઈ હોય તો તેમને ૬૫ વર્ષ સુધી માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવામાં આવે અને વિદ્યાર્થીનાં થીસીસનાં મૂલ્યાંકન માટે ઈન્ટરનલ રેફરી તરીકે નિમણૂંક આપવી તથા વાયવા વોસ લેતી વખતે હાજર રહી શકે.**

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પીએચ.ડી. સંશોધન અભ્યાસની ગુજરાતી વિષયની રીસર્ચ એડવાઈઝરી સમિતિની તા.૨૦–૦૭–૨૦૨૨ ના રોજની સભાએ ર્ડા. રેખાબેન ભટ્ટ વયનિવૃત થયા બાદ ૬૫ વર્ષની વય મર્યાદા પૂર્ણ કરેલ હોય તેમના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. સંશોધન અભ્યાસ કરતા સંશોધનાર્થી પટેલ કવિષા હરશનભાઈને ર્ડા.રેખાબેન ભટ્ટના સ્થાને ઋજુતાબેન ગાંધીની માર્ગદર્શક શિક્ષક તરીકે ફાળવણી કરેલ**

**છે. જેની જાણ સંશોધનાર્થી અને માર્ગદર્શક શિક્ષકને કરેલ છે. પરંતુ સંશોધનાર્થીની તા.૬–૦૮–૨૦૨૨ના રોજની અરજીથી તેમના જૂના માર્ગદર્શક શિક્ષકના જ માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. અભ્યાસ પૂર્ણ કરવા જણાવેલ છે. એટલેકે તેમને ડૉ.રેખાબેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ જ પીએચ.ડી. સંશોધન અભ્યાસ પૂર્ણ કરવાની પરવાનગી આપવા કરેલ વિનંતી ગ્રાહ્ય રાખવામાં આવતી નથી.**

૫. **કોમર્સ** ફેકલ્ટીના **કોમર્સ** વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા એસ.ડી.જૈન ઈન્ટરનેશનલ કોલેજ, સુરતના આસિસ્ટન્ટ પ્રોફેસર **ડૉ.ભટ્ટ અદિતી શૈલેષભાઈ** જેઓ B.COM, MBA(Second Class) અને Ph.d.(Management) અભ્યાસ કરેલ છે. યુનિવર્સિટીની મેનેજમેન્ટ વિષયનાં આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે ક્રમાંકઃ એસ(૧)/(માન્યતા–૧૯૭)/૭૧૬૪/૨૦૧૨, તા.૦૨–૦૭–૨૦૧૨ થી માન્યતા ધરાવે છે. સિન્ડિકેટની તા.૨૯–૦૧/૦૨–૦૨–૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક (૩) અનુસાર જો ફેકલ્ટી બદલાય તો બી.યુ.ટી.માં મંજુર કરાવ્યા બાદ જ આગળના સત્તા મંડળોમાં બાબત રજુ કરવી.

ઉપરોકત ઠરાવ અવલોકને લઈ સમકક્ષ સિસ્સામાં ડીનશ્રી કોમર્સ વિદ્યાશાખા દ્વારા પીએચ.ડી. માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા માટે પબ્લીકેશન મુલ્યાંકન માટે બી.યુ.ટી.ની મંજુરી મેળવવાની ભલામણ કરેલ હોય જે ભલામણ પર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એસ.ડી.જૈન ઈન્ટરનેશનલ કોલેજ, સુરતના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ.ભટ્ટ અદિતી શૈલેષભાઈએ કોમર્સ ફેકલ્ટીના કોમર્સ વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા કરેલ અરજી સ્વીકારી નિયમ અનુસાર આગળની ઘટતી કાર્યવાહી કરવી.**

**<u>અધ્યક્ષશ્રીની સંમતિથી નીચેની બાબત રજૂ કરવામાં આવી હતી.</u>**

૬. જર્નાલિઝમ અને માસ કોમ્યુનિકેશન ડિપાર્ટમેન્ટમાં માસ્ટર ડિગ્રી કોર્સમાં પ્રવેશ પુનઃ શરૂ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, જર્નાલિઝમ અને માસ કોમ્યુનિકેશન ડિપાર્ટમેન્ટમાં માસ્ટર ડિગ્રી કોર્સમાં પ્રવેશ પુનઃ શરૂ કરવા સંદર્ભે કો–ઓર્ડિનેટરશ્રીને સ્વનિર્ભર ધોરણે ઓછામાં ઓછા ૧૦ વિદ્યાર્થીઓ મળે તે રીતે આવક–ખર્ચ સહિતની બજેટ દરખાસ્ત તૈયાર કરવા જણાવવું અને દરખાસ્ત મળ્યેથી બાબત આગામી એકેડેમિક કાઉન્સિલ સમક્ષ રજૂ કરવી.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ કોર્સને અનુદાનિત કોર્સ તરીકે માન્યતા આપવા રાજય સરકારશ્રીને દરખાસ્ત પાઠવવી અને હાલ જયાં સુધી સરકારશ્રી દ્વારા અનુદાનિત કોર્સ તરીકે માન્યતા ન મળે ત્યાં સુધી સ્વનિર્ભર ધોરણે વિઝીટીંગ ફેકલ્ટીથી ચલાવવો.**

**અધ્યક્ષશ્રીનો આભાર માની સભા બરખાસ્ત થઈ.**

**Sd/-**
**ઈ.ચા.કુલસચિવ**

ક્રમાંક : એસ/બીયુટી/કાર્યવાહી/૧૯૭૩૩/૨૦૨૨
તા.૦૧–૦૯–૨૦૨૨

પ્રતિ,
**અનુસ્નાતક શિક્ષણ મંડળના સર્વે સભ્યશ્રીઓ.........**